ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ધિરાણ પ્રવૃત્તિ માટે રૂ.૨૦૦૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવા બાબત. સને ૨૦૧૯-૨૦

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૦૨૦૧૮-ન.બા.-૬૭-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૦/૦૨/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૪/૦૯/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./૨૦૧૯-૨૦/૧૨૧૨-૧૨૧૩

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૬/૧૧/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./૨૦૧૯-૨૦/૧૪૪૫

આ મુ ખ :-

વિભાગના તા.૩૦/૯/૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૭/૫૬૮૪૫૧/અ થી ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસનિગમની રચના કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) અને (૨) પરનાં નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાના અનુક્રમે તા.૨૪/૦૯/૨૦૧૯ અને તા. ૨૬/૧૧/૨૦૧૯નાં પત્રથી રૂ.૨૫૦૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા સાડત્રીસ હજાર પાંચસો લાખ પૂરા)ની રકમ લોન ધિરાણ પ્રવૃતિઓ માટે ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના હવાલે મૂકવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :- પુખ્ત વિચારણાના અંતેગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ધિરાણ પ્રવૃત્તિ માટેની રૂ.૨૫૦૦૦.૦૦ લાખ (અંકે રુપિયા પચીસ હજાર લાખ પુરા)ની દરખાસ્ત અન્વયે રૂ.૨૦૦૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા વીસ હજાર લાખ પુરા)ની રકમ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

શ ર તો :-

૧. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.

૨. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇઓને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૩. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. ઉપર્યુક્ત લોનની રકમની ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા રાજ્ય સરકારને પરત ભરપાઇ અને વ્યાજના દર અને તે અંગેની ચૂકવણીની વિગતો તૈયાર કરી નાણા વિભાગ/જાહેર સાહસ બ્યુરોની મંજૂરી અર્થે રજુ કરવાની રહેશે.

૭. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માંગણી નં-૯૨, મુખ્ય સદર-૬૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર હેઠળની લોન અને અન્ય કમાણી હેઠળ, પેટા સદર- ૦૧ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ધિરાણ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ નાણાં વિભાગની તા.૦૭/૦૨/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ લિ., ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- રેસિડેન્ટ ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.